# શાલિમાર પેઈન્ટ્સની આવક વધીને ₹ ૭૫.૪ કરોડ

શાલિમાર પેઈન્ટ્સે ડિસેમ્બર ત્રિમાસિકમાં રૂા. ૭૫.૪ કરોડની આવક કરી છે, જે ગયા વર્ષના સમાન ગાળાના રૂા. ૬૬.૭ કરોડની સરખામણીએ ૧૩ ટકા વધુ છે. બીજા ત્રિમાસિક ગાળામાં કંપનીની આવક રૂા. ૭૨.૧ કરોડ હતી.

મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ સુરેન્દર ભાટિયાએ કહ્યું કે કંપનીનો રૂા. ૨૦૦ કરોડનો રાઈટ્સ ઈસ્યૂ તાજેતરમાં બંધ થયો છે. આ ઉપરાંત કંપનીએ તેના નાસિક પ્લાન્ટને ફરી શરૂ કર્યો છે. આ સાથે કંપનીની ઉત્પાદનક્ષમતા વધે તેવી સંભાવના છે.

ભાટિયાએ કહ્યું કે બે ત્રિમાસિકથી કંપનીની આવકમાં સતત વૃદ્ધિ છે. આમાં તહેવારોનો ફાળો નોંધપાત્ર હતો. ડિસેમ્બર ત્રિમાસિક દરમિયાન ડેકોરેટિવ સેગમેન્ટમાં માગ સારી હતી. તેમણે કહ્યું કે સરકારે તાજેતરમાં બજેટમાં ઘર ખરીદનારા અને ડેવલપર્સ માટે ઘણી જોગવાઈ કરી છે. તેને કારણે રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલાં ક્ષેત્રોને વેગ મળશે.